તાંત્રિક/બિનતાંત્રિક જગ્યાઓ ઉપર સરકારી
કર્મચારીઓને વયનિવૃત્તિ બાદ કરારના
ધોરણે નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-આરઈએમ/૧૦૨૦૦૮/૫૭૯૨૮૮-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧/૦૧/૨૦૦૯.

વંચાણે લીધાઃ-

(૧) સા.વ.વિ.નો તા.૨૩-૧૨-૯૬ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૭૭/ગ.૨,
(૨) સા.વ.વિ.નો તા.૧૯-૧૧-૯૭ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૭૭/ગ.૨,
(૩) સા.વ.વિ.નો તા.૨૧-૧૨-૯૮ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૭૭/ગ.૨,
(૪) સા.વ.વિ નો તા.૯-૫-૦૨ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ.૨,
(૫) સા.વ.વિ.નો તા.૨૧-૧૨-૦૫ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૨૦૦૦/યુઓઆર/૮૨/ગ.૨,
(૬)સા.વ.વિ.નો તા.૨૫-૫-૦૬ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ.૨(ભાગ-૧)

ઠ રા વઃ-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ-(૧) થી (૬) સામેના ઠરાવોથી સરકારી અધિકારીઓ / કર્મચારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક આપવા અંગેની બોલીઓ અને શરતો નિયત કરવામાં આવેલ છે. તદ્અન્વયે ઉપર સંદર્ભમાં દર્શાવવામાં આવેલા ક્રમાંકઃ-(૬) આગળના તારીખઃ-૨૫/૫/૦૬ ના ઠરાવના ફકરા-૩ ની જોગવાઈ મુજબ વર્ગ-૨ ની જગ્યાએ વયનિવૃત્ત અધિકારીને કરારના ધોરણે નિમણૂંક આપવા અંગેની દરખાસ્તો સંબંધિત વિભાગના સચિવશ્રીની મંજૂરી બાદ અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.)સામાન્ય વહીવટ વિભાગ મારફત સંબંધિત મંત્રીશ્રીને રજુ કરવાની રહે છે. કૃષિ અને સહકાર વિભાગ હેઠળ ખેતીવાડી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓનું પ્રમાણ વધુ છે તેથી, ઉકત જોગવાઈમાં આંશિક ફેરફાર કરીને એવું ઠરાવવામાં આવે છે કે કૃષિ અને સહકાર વિભાગ હેઠળની ખેતીવાડી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ પર વયનિવૃત્ત ખેતીવાડી અધિકારી, વર્ગ-૨ ને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક આપવા અંગેની દરખાસ્તો હવે કૃષિ અને સહકાર વિભાગના સચિવશ્રી મારફત વિભાગના મંત્રીશ્રીની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે. આવી કરાર આધારિત નિમણૂંકો કરતી વખતે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૨/૯૬ ના ઠરાવ અને વખતોવખતના સુધારાઓની જોગવાઈઓનું સંપુર્ણપણે પાલન થાય, તે કૃષિ અને સહકાર વિભાગે જોવાનું રહેશે.

૨. દરમ્યાનમાં ખેતીવાડી અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ નિયમિત નિમણૂંકથી ભરાય તે માટેની કાર્યવાહી સત્વરે પુર્ણ કરવા કૃષિ અને સહકાર વિભાગે ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી,
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
<u>સિલેકટ ફાઈલ/ગ.૨ શાખા.</u>
× પત્ર દ્વારા

બઢતી માટેની પસંદગીયાદી બનાવવા માટેની દરખાસ્ત જાહેર સેવા આયોગને મોકલવા માટેની સમયમર્યાદા નિયત કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એસએલટી-૧૦૨૦૦૮-૫૧૬૪૬૦-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૨/૦૩/૨૦૦૯.

વંચાણે લીધો:- સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦-૯-૯૩ નો પરિપત્ર ક્રમાંક:- એસએલટી-૧૦૮૯-૨૦૨૨-ગ.૨,

-: પ રિ પ ત્ર :-

સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ તા.૨૦/૯/૯૩ ના પરિપત્રથી, બઢતી માટેની પસંદગીયાદી પરત્વેની ખાતાકીય બઢતી સમિતિની ભલામણો પર સરકાર કે સક્ષમ સત્તાધિકારીના જે તે હુકમો મેળવી, તે અંગે ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ / અનુમતિ માટે સમિતિની બેઠકની તારીખથી મોડામાં મોડી ત્રણ માસમાં આયોગને અચૂકપણે દરખાસ્ત મોકલી આપવાની સુચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે વહીવટી કારણોસર કેટલાક કિસ્સાઓમાં ખાતાકીય બઢતી સમિતિની ભલામણો પર સરકાર કે સક્ષમ સત્તાના હુકમો મેળવીને આયોગને ઉપર જણાવેલ નિયત સમયમર્યાદામાં દરખાસ્ત મોકલી શકાતી નથી. આથી આ સમયમર્યાદામાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. તદઅનુસાર આયોગના ક્ષેત્રાધિકારમાં આવતી જગ્યાઓ પર બઢતી માટેની પસંદગીયાદી પરત્વેની ખાતાકીય બઢતી સમિતિની ભલામણો પર સરકાર કે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મળ્યાની તારીખથી એક માસમાં અને વધુમાં વધુ છ માસમાં ગુજરાત જાહેર સેવા આયોગની સલાહ / અનુમતિ માટે આયોગને અચૂકપણે દરખાસ્ત

P.T.O.

મોકલી આપવા આથી સૂચના આપવામાં આવે છે. આ સમયમર્યાદામાં આયોગને આ અંગેની દરખાસ્તો મોકલી આપવામાં આવે અને તેમાં કોઈ વિલંબ ન થાય, તે સચિવાલયના સર્વે વિભાગોએ જોવાનું રહેશે.

૩. ઉપરોક્ત સુચનાઓનું ચુસ્ત અને કડક પાલન કરવા સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ / અગ્ર સચિવશ્રીઓ / અધિક મુખ્ય સચિવશ્રીઓ.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
તમામ ખાતાના વડા / કચેરીના વડા.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
વિશિષ્ટ ફાઈલ.

---

× પત્ર દ્વારા.

રાજ્ય સેવાની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની સીધી ભરતીમાં માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવા તેમજ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-આરઈએસ-૧૦૨૦૦૭-૪૫૬૯૮૧-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૨/૦૩/૨૦૦૯.

વંચાણે લીધાઃ- ૧. સા.વ.વિ.નું તા.૪-૩-૧૯૭૫ નું જાહેરનામું ક્રમાંકઃ- જીએસ-૭૫-૬-આરઈએસ-૧૦૭૫-૧૦૬૦-ગ,
૨. સા.વ.વિ.નો તા.૨૨-૭-૮૨ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએસ-૧૦૮૧-જીઓઆઈ-૫૩-ગ.૨,
૩. સા.વ.વિ.નો તા.૨૦-૨-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ- આરઈએસ-૧૦૨૦૦૦-યુઓ-૯૫૭-ગ.૨,

આમુખઃ-

ઉપર વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૩/૭૫ ના જાહેરનામાથી રાજ્યની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓની સીધી ભરતીમાં માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ ઉપર વંચાણે લીધેલ તારીખઃ૨૨/૭/૮૨ અને તા.૨૦/૨/૨૦૦૧ નાં ઠરાવોથી વર્ગ-૧ થી વર્ગ-૪ ની જગ્યાઓની સીધી ભરતીમાં માજી સૈનિકોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્ય સેવાની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓની સીધી ભરતીમાં માજી સૈનિકો માટે જગ્યાઓ અનામત રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર શ્રી નીચે પ્રમાણે ઠરાવે છે.

ઠરાવઃ-

રાજ્ય સેવાની વર્ગ-૧ અને વર્ગ-૨ ની સેવાઓ અને જગ્યાઓની સીધી ભરતીમાં માજી સૈનિકો માટે ૧(એક) ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે. જે અનામત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોની અનામત અને બિનઅનામતના ફાળે જતી જગ્યાના ભાગરૂપે(interlocutary) રહેશે.

૨. વર્ગ-૧ અને વર્ગ-૨ ની સેવાઓ અને જગ્યાઓની સીધી ભરતીની ઉપલી વયમર્યાદામાં માજી સૈનિક માટે આપવામાં આવેલ છૂટછાટ અંગેની હાલની તા.૨૨/૭/૮૨ ના ઠરાવની જોગવાઈમાં આંશિક ફેરફાર કરીને વર્ગ-૧ અને વર્ગ-૨ ની સીધી ભરતીમાં જે તે જગ્યાઓના ભરતી નિયમોમાં નિયત

P.T.O.

કરવામાં આવેલ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મુકીને માજી સૈનિકોની ઉપલી વયમર્યાદા વધુમાં વધુ ૪૦ વર્ષની વય રાખવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વ મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ.
સીલેકટ ફાઈલ.

---

પત્ર ધ્વારા.

પાસપોર્ટ કઢાવવાના હેતુ માટે સરકારી કર્મચારીઓ/અધિકારીઓને તથા તેમની પર આધારિત કુટુંબના સભ્યોને "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-એનઓસી/૧૦૮૩/૧૨૧૩/ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૨/૦૩/૨૦૦૯.

વંચાણે લીધાઃ-

(૧) સા. વ. વિભાગનો તા.૨૧-૧-૮૬ નો પરિપત્ર ક્રમાંકઃ એનઓસી/૧૦૮૩/૧૨૧૩/ગ.૨,
(૨) સા.વ. વિભાગનો તા.૧૭-૯-૮૭ નો પરિપત્ર ક્રમાંકઃ એનઓસી/૧૦૮૭/૨૦૮૨/ગ.૨,
(૩) સા.વ. વિભાગનો તા.૨૫-૬-૯૯ નો ઠરાવ ક્રમાંકઃ એનઓસી/૧૦૮૩/૧૨૧૩/ગ.૨,
(૪) સા.વ. વિભાગનો તા.૫-૬-૦૩ નો ઠરાવ ક્રમાંકઃ એનઓસી/૧૦૮૩/૧૨૧૩/ગ.૨,
(૫) ભારત સરકાર, મીનીસ્ટ્રી ઓફ એક્સટર્નલ એફેર્સ, પાસપોર્ટ ઓફિસ, સુરતનો તા.૧૫/૫/૨૦૦૮ નો પત્ર ક્રમાંકઃએસયુઆર/એચ-૪(૧)IV/૦૩-VOI-II

પ રિ પ ત્રઃ-

સરકારી કર્મચારીઓ / અધિકારીઓને વિદેશ જવા માટે પાસપોર્ટ કઢાવવાના હેતુ માટે "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા અંગે સામાન્ય વહીવટ વિભાગના ઉપર ક્રમ(૧) થી (૪) આગળ વંચાણમાં લીધેલ વિવિધ પરિપત્રો / ઠરાવોથી જરૂરી સુચનાઓ પ્રસિધ્ધ કરાયેલ છે. તદઅનુસાર ઘટતી ચકાસણી કરીને સક્ષમ સત્તા ધ્વારા સરકારી કર્મચારીઓ / અધિકારીઓને પાસપોર્ટ કઢાવવા માટે નિયત નમુનામાં "ના-વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવે છે.

૨. સરકારી કર્મચારીઓ / અધિકારીઓને પાસપોર્ટ કઢાવવા માટે સક્ષમ સત્તા ધ્વારા હાલમાં આપવામાં આવતા "ના-વાંધા પ્રમાણપત્ર" ને બદલે, હવે આ સાથે બિડેલ એનેક્ષર- 'I' મુજબના નિયત નમુનાના સોગંદનામા સહિત, આ સાથેના એનેક્ષર- 'B' મુજબના નિયત નમુનામાં "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" આપવાની ભારત સરકાર, મીનીસ્ટ્રી ઓફ એક્સટર્નલ એફેર્સ ધ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે.

૩. ઉકત વિગતે સરકારી કર્મચારીઓ / અધિકારીઓએ પાસપોર્ટ કઢાવવાના હેતુ માટે આવું "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" મેળવવા અંગેની તેમની અરજી કરતી વખતે, આ સાથે બિડેલ એનેક્ષર-'I' મુજબના નમુના પ્રમાણેનું સોગંદનામું બે નકલમાં(એક અસલ તથા એક તેની નકલ)અરજીની સાથે સક્ષમ સત્તાને રજુ કરવાનું રહેશે. અને સક્ષમ સત્તાએ તે સોગંદનામાની વિગતો તથા સરકારી કર્મચારીઓ / અધિકારીઓને પાસપોર્ટ કઢાવવાના હેતુ માટે "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા સંબંધે સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ પરિપત્રો / ઠરાવોથી અપાયેલ સુચનાઓ ધ્યાને લઈ, ઉપર ઉલ્લેખિત એનેક્ષર-'I' મુજબના અસલ સોગંદનામા સહિત, આ સાથે બિડેલ એનેક્ષર-'B' મુજબના નમુનામાં બે નકલમાં આવું "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" આપવાનું રહેશે.

P.T.O.

૪. સરકારી કર્મચારીઓ / અધિકારીઓ પર આધારિત કુટુંબના સભ્યોના કિસ્સામાં પણ પાસપોર્ટ કઢાવવા માટે સક્ષમ સત્તા પાસેથી આવું "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" મેળવવાની હવે જોગવાઈ કરાયેલ છે. આથી સંબંધિત કર્મચારી / અધિકારીએ તેમની પર આધારિત કુટુંબના સભ્યો માટે પણ આ સાથે બિડેલ એનેક્ષર-'I' મુજબના નમૂનામાં સોગંદનામું કરાવીને, તેની બે નકલો(એક અસલ તથા એક તેની નકલ)સાથે આવું "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" મેળવવા માટે સક્ષમ સત્તાને અરજી કરવાની રહેશે. અને તેવી અરજી મળ્યેથી સક્ષમ સત્તાએ તે પરત્વે ઘટતી ચકાસણી કરીને, ઉપર ઉલ્લેખીત એનેક્ષર-'I' મુજબના અસલ સોગંદનામા સહિત, સરકારી કર્મચારી/અધિકારી પર આધારિત કુટુંબના સભ્યોના કિસ્સામાં એનેક્ષર- 'B' મુજબના નમૂનામાં બે નકલમાં "આઈડેન્ટીટી સર્ટિફિકેટ" આપવાનું રહેશે.

૫. આ સુચનાઓ રાજ્ય સરકારના કર્મચારીઓ ઉપરાંત પંચાયત સેવાના કર્મચારીઓ તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ અને કોર્પોરેશનના કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પડશે.

૬. સચિવાલયના સર્વે વિભાગો અને ખાતાના વડાઓ / કચેરીઓને આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઈ.એન. સોલંકી )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણઃ- ઉપર મુજબ.
પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો (૫ નકલો )
સર્વે ખાતાના વડાઓ,
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ
<u>સીલેક્ટ ફાઈલ-ગ.ર શાખા.</u>
× પત્ર દ્વારા.

GOVERNMENT OF INDIA
MINISTRY OF EXTERNAL AFFAIRS
CPV DIVISION, DELHI

ANNEXURE 'I'

## AFFIDAVIT

(To be executed on appropriate non-judicial stamp paper and attested by a Notary Public)

(One original and one self-attested photocopy)

I, name),________________Son of ______________________residing at ________________________Date of Birth______ being an applicant for issue of passport, do hereby solemnly affirm and state as follows:

1. That the names of my parents and spouse are as follows:

(I) Father :

(II) Mother :

(III) Wife/Husband :

2. That I am continuously resident at the above mentioned address from..........................

3. That I am citizen of India by birth/descent/registration/naturalization and that I have neither acquired the citizenship of another country nor have surrendered or been terminated/deprived of my citizenship of India.

4. That I have not, at any time during the period of five years immediately preceding the date of this affidavit, been convicted by any court in India for any offence involving moral turpitude and sentenced in respect thereof to imprisonment for not less than two years;

5. That no proceedings in respect of any criminal offence alleged to have been committed by me are pending before any criminal court in India;

6. That no warrant or summons for my appearance, and no warrant for my arrest, has been issued by a court under any law for the time being in force, and that my departure from India has not been prohibited by order of any such court;

7. That I have never been repatriated from abroad back to India at the expense of Government of India/I was repatriated from abroad back to India at the expense of Government of India, but reimbursed expenditure incurred in connection with such repatriation.

8. That I will not engage outside India in activities prejudicial to the sovereignty and integrity of India.

9. That my departure from India will not be detrimental to the security of India.

10. That my presence outside India will not prejudice the friendly relations of India with any foreign country.

DEPONENT

### VERIFICATION

Verified on.....(date) at ............ (place) that the contents of the above mentioned affidavit are true and correct and nothing material has been concealed.

DEPONENT

સા.વ.વિ.ના તા. 02.03.2009 ના પરિપત્ર ક્ર.- સંલગ્ન/મોઝ - 1003 - 1213 - 212 અધિનું બિડાણ-(2)



Annexure B-Identity Certificate

GOVERNMENT OF INDIA
MINISTRY OF EXTERNAL AFFAIRS
CPV DIVISION, DELHI

ANNEXURE 'B'

ALL CENTRAL GOVERNMENT EMPLOYEES STATE GOVERNMENT EMPLOYEES, EMPLOYEES OF STATUTORY BODIES AND PUBLIC SECTOR UNDERTAKINGS AND THEIR DEPENDENT FAMILY MEMBERS ARE REQUIRED TO PRODUCE A IDENTITY CERTIFICATE (STRIKE OUT PORTION NOT APPLICABLE)

(To be given in Duplicate on Original Stationery)

Certified that SHRI/SHRIMATI/KUM .......... Son/Wife of Shri .................... of is a temporary/permanent employee of this (office address) ................ from ....... (date) ....... and is at present holding the post of ................ Shri/Smt./Miss/Mst. ................is/are a dependent family member(s) of Shri/Smt............................ and his/her identity is certified. This Ministry/Department/Organization has no objection to his/her acquiring Indian Passport. The undersigned is duly authorized to sign this Identity Certificate. I have read the provisions of Section 6(2) of the Passports Act, 1967 and certify that these are not attracted in case of this applicant. I recommend issue of an Indian Passport to him/her. It is certified that this organization is a central / State Government / Public Sector / undertaking / statutory body. The Identity Card Number of Shri/Smt (employee)............................is....................

Ref. No. &

Name, Designation, address & Tel

Date ................
No.

Applicant's photo to be attested by certifying authority

માંગણીપત્રક(Requisitions)નો
નમૂનો અદ્યતન કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી-૧૦૨૦૦૯-૩૦૦૦૫૬-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૨/૦૬/૨૦૦૯.

**વંચાણે લીધાઃ**- સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૧૩/૯/૦૬ અને તા.૧૭/૧/૨૦૦૭ ના
પરિપત્ર ક્રમાંક:પીએસસી-૧૦૮૪-૨૫૬-ગ.૨

**પ રિ પ ત્ર :-**

સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલ તા.૧૩/૯/૦૬ ના પરિપત્રથી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવાના માંગણીપત્રકનો નમૂનો નિયત કરવામાં આવેલ છે. આ માંગણીપત્રકના નમુનાના કોલમ નં.૮ નીચે મુજબ છેઃ-

" કોલમ-(૮) રૂબરૂ મુલાકાત વખતે ઉપસ્થિત રહેનાર
સરકારના પ્રતિનિધિ :
(ક) ૧. નામ :
૨. હોદો :
૩. લાયકાતો :
૪. અનુભવ :
(ખ) ૧. કચેરીનું સરનામું(ફોન નંબર સહિત) :
૨. રહેઠાણનું સરનામું(ફોન નંબર સહિત) : "

જાહેર સેવા આયોગ / ભરતી એજન્સીને સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે માંગણીપત્રક મોકલ્યા બાદ તે અંગેની જાહેરાત આપવામાં અને જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ રૂબરૂ મુલાકાત યોજવામાં સમય પસાર થવાના કારણે માંગણીપત્રકમાં દર્શાવવામાં આવેલ સરકારી પ્રતિનિધિની બદલી / બઢતી / નિવૃત્તિ / રાજીનામું / અવસાન જેવા કારણોસર સરકારી પ્રતિનિધિના નામ-સરનામામાં ફેરફાર સંભવી શકે છે. અને જેની જાણકારી આયોગ / સંબંધિત ભરતી એજન્સીને હોતી નથી, તથા માંગણીપત્રક મોકલતી વખતે અગાઉથી જ રૂબરૂ મુલાકાત સમયે ઉપસ્થિત રહેનાર સરકારશ્રીના અધિકારીનું નામ જાહેર કરવાની બાબત ઉચિત જણાતી નથી. આથી સરકારશ્રીની વિચારણાના અંતે માંગણીપત્રકના નમુનામાં દર્શાવેલ કોલમ નં.૮ આથી રદ કરવામાં આવે છે.

૨. આથી હવે પછી આયોગને માંગણીપત્રક મોકલતી વખતે કોલમ-(૮) ની વિગતો દર્શાવવાની રહેશે નહી. પરંતુ આયોગને માંગણીપત્રક મોકલ્યા બાદ આયોગ તરફથી સરકારી પ્રતિનિધિના નામ /સરનામું / લાયકાતો / અનુભવ / કચેરીનું - રહેઠાણનું સરનામું / ફોન નંબર વિગેરે વિગતો જયારે માંગવામાં આવે ત્યારે તે વિગતો આયોગ / સંબંધિત ભરતી એજન્સીને તાત્કાલિક મોકલવાની રહેશે.

ઉપર્યુકત સુચનાઓ મુજબ કાર્યવાહી કરવા સચિવાલયના સર્વે વિભાગો / ખાતાના વડાઓ / નિમણૂંકી સત્તાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ એ. રાવલ )
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત રાજય [illegible], અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો(સંબંધિત વિભાગ હેઠળના ખાતાના વડા
તથા સંબંધિતોને જાણ કરવાની વિનંતી સાથે)
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
× પત્ર દ્વારા.

ક્રમાંક : પરચ-૧૦૨૦૦૯-૨૩૯૦૮૬-ગ.૨
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૨૪ -૧૨-૨૦૦૯

પ્રતિ,

નાયબ સચિવશ્રી (સંકલન),

................................વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

વિષય :- સીધી ભરતી અને બઢતીની કુલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કેવી રીતે (બઢતી કે સીધી ભરતી ધ્વારા) ભરાઈ કયા પ્રકારની કેટલી જગ્યાઓ વર્ષાન્તે બાકી રહી તેની વિગત મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય અંગેના ગુજરાત જાહેર સેવા આયોગના તા.૨૯-૪-૦૯ના પત્ર ક્રમાંક : સબમ-૨૦૦૫- ૧૩૮-આર.એન્ડ ડી.ની નકલ તેના બિડાણ સાથે સામેલ કરતા જણાવવાનું કે, આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતી ધ્વારા ભરાઈ અને કેટલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવાની બાકી રહી તેની તા.૧-૪-૦૮થી તા.૩૧-૩-૦૯ સુધીની માહિતી ઉપલબ્ધ થઈ શકે તે સારૂ આયોગ ધ્વારા નિયત કરવામાં આવેલ પત્રક-૧ અને પત્રક-૨માં સંપૂર્ણ માહિતી તૈયાર કરી આ વિભાગની જાણ હેઠળ તાત્કાલિક આયોગને મોકલી આપવા વિનંતી છે.

આ પ્રકારની માહિતી દર વર્ષે કેલેન્ડર વર્ષ પૂર્ણ થયા બાદ ૩૦મી એપ્રીલ સુધીમાં આયોગને મળે તેવી વ્યવસ્થા પણ કરવા વિનંતી છે.

આ બાબતને અત્યંત તાકિદની ગણવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(સી.એમ.સદાદીયા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

<u>બિડાણ :-</u> ઉપર મુજબ.
પત્રક-૧ તથા પત્રક-૨નો નમૂનો.

<u>નકલ રવાના :-</u>
સંયુકત સચિવ,
ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ તરફ
તેઓશ્રીના તા.૨૯-૪-૦૯ના પત્ર ક્રમાંક : સબમ-૨૦૦૫- ૧૩૮-આર.એન્ડ ડી.ના અનુસંધાને જાણ સારૂ.

ISO 9001:2000 CERTIFIED OFFICE

# ગુજરાત જાહેર સેવા આયોગ
# Gujarat Public Service Commission

બહુમાળી મકાન, બી-બ્લોક, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ☎ : ૨૫૫૦૭૭૩૭ ફેક્સ : ૨૫૫૦૭૩૮૬

M.S. Building, B-Block, 1st. Floor, Lal Darwaja, Ahmedabad - 380 001. ☎ : 25507737 FAX : 25507386

૧૨ (3)

ક્રમાંક: સબમ/૨૦૦૫/૧૩૮/આર&ડી: 29 APR 2009

G. A. D.
REGISTRY
15 MAY 2009
23986
INWARD NO.
BRANCH

પ્રતિ,
અગ્ર સચિવશ્રી ( ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોક નં:૭, સચિવાલય,
ગાંધીનગર:

વિષય :- સીધી ભરતી અને બઢતીની કૂલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ કેવી રીતે ( બઢતી કે સીધી ભરતી ધ્વારા) ભરાઇ કયા પ્રકારની કેટલી જગ્યાઓ વર્ષાન્તે બાકી રહી તેની વિગત મોકલવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, સચિવાલયના જુદા જુદા વિભાગો હેઠળની વિવિધ સંવર્ગની જગ્યાઓ આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ આવે છે. આ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતી ધ્વારા ભરાઇ અને સીધી ભરતી અને બઢતીની કેટલી જગ્યાઓ વર્ષાન્તે ભરવાની બાકી રહી તેની તા.૧-૪-૨૦૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ ની માહિતી ઉપલબ્ધ થઇ શકે તે હેતુ સારૂ આ સાથે સામેલ પત્રક:૧ તથા ૨ માં સંપૂર્ણ માહિતી આયોગને એક માસમાં મળે તેવો પ્રબંધ થવા વિનંતી છે. વધુમાં આ પ્રકારની માહિતી દર વર્ષે તા.૩૦- એપ્રિલ સુધીમાં મળે તેવી પણ વ્યવસ્થા કરવા વિનંતી છે.

ACS(P) JS DS(P)

આપનો વિશ્વાસુ,

(signature)

( પી.એસ.કંટેસરીયા )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## પત્રક – ૧

દર વર્ષે તા.૩૧ માર્ચ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષના અંતે આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓની માહિતી(વર્ગ–૧ અને વર્ગ–૨ તે રીતે તા.૩૦ મી એપ્રિલ સુધીમાં આયોગને મોકલી આપવી.

વિભાગનું નામ:– ખાતાના વડાની કચેરીનું નામ :–

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | સીધી ભરતી તથા બઢતીનો રેશિયો | રેશિયા મુજબ ફાળવણી | | ભરાયેલ જગ્યાઓ | | (–) તૂટ (+) વધ | | સીધી ભરતી પૈકી આયોગના પરામર્શ સિવાય (૧ વર્ષની સરકારશ્રીની સત્તા હેઠળ આપેલ હંગામી નિમણૂંકો) | | હંગામી નિમણૂંક એક વર્ષથી વધુ ચાલુ રહેલ હોય તો આયોગને દરખાસ્ત કર્યા તારીખ | | સીધી ભરતીની જગ્યા ભરવા માટે આયોગને છેલ્લું માંગણીપત્રક મોકલ્યા તારીખ | | માંગણીપત્રક ન મોકલાવેલ હોય તો તેના કારણો | હંગામી બઢતી આપેલ હોય તો બઢતીની દરખાસ્ત આયોગને મોકલ્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સી.ભ. | બઢતી | સી.ભ. | બઢતી | સી.ભ. | બઢતી | સંખ્યા | નિમણૂંકની તારીખ | સંખ્યા | દરખાસ્તની તારીખ | જગ્યાઓની સંખ્યા | તારીખ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | |

નોંધ:–(૧) વર્ગ–૧ ની જગ્યાઓ અને વર્ગ–૨ ની જગ્યાઓની માહિતી ઉપરોક્ત ૧૮ કોલમમાં આપવી.
(૨) જે જગ્યાઓ પ્રતિનિયુકિત કે હવાલો(ચાર્જ) આપીને ભરવામાં આવેલ હોય તેની માહિતીમાં તે જગ્યાનું નામ, પ્રતિનિયુકિત કે હવાલો કઈ રીતે ભરી તથા કઈ તારીખથી ભરી તેની વિગત નીચે જણાવવી.

( )
ઉપસચિવ/નાયબ સચિવ,
.......................................વિભાગ.

## પત્રક – ૨

તા.૩૧/૩/ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષના અંતે આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓની વાર્ષિક માહિતી સાથેનું પરિશિષ્ટ

વિભાગનું નામઃ–

ખાતાના વડાની કચેરીનું નામઃ–

(અ) આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓના ભરતી નિયમો કે જેમાં માત્ર બઢતીની જ જોગવાઈ હોય તેની યાદીઃ–

| ક્રમ | જગ્યાનું નામ | ભરતી નિયમો | |
|---|---|---|---|
| | | જાહેરનામા ક્રમાંક | તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ |

### વર્ગ–૧ ની જગ્યાઓ

૧.
૨.
૩.

### વર્ગ–૨ ની જગ્યાઓ

૧.
૨.
૩.

(બ) આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યાઓના ભરતી નિયમો કે જેમાં સીધી ભરતી તથા બઢતીની જોગવાઈ છે, પરંતુ રેશિયો નિયત થયેલ ન હોય તેની યાદી.

| ક્રમ | જગ્યાનું નામ | ભરતી નિયમો | |
|---|---|---|---|
| | | ક્રમાંક જાહેરનામા | તારીખ |

### વર્ગ–૧ ની જગ્યાઓ

૧.
૨.
૩.

### વર્ગ–૨ ની જગ્યાઓ

૧.
૨.
૩.

( )

તારીખઃ– ઉપસચિવ/નાયબ સચિવ,

........................વિભાગ.

સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોમાં કેસો
માર્ક કરવાનો રાહ(channel of submission)
નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઓએસ-૧૦૨૦૦૯-૫૮૭૮૩-ગ.૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૬/૦૧/૨૦૧૦.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સા.વ.વિ.ના તા.૨૩-૧૨-૨૦૦૫, તા.૨૦-૪-૨૦૦૬, તા.૨૬/૭/૦૬, તા.૩/૩/૦૭, તા.૨૧/૮/૦૮ અને તા.૧/૯/૦૯ ના ઠરાવ ક્રમાંકઃ-સીઓએસ-૧૦૨૦૦૫-૫૧૬-ગ.૨

<u>ઠ રા વઃ-</u>

ઉપર વંચાણે લીધેલા સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૨-૨૦૦૫, તા.૨૦-૪-૦૬, તા.૨૬-૭-૦૬, તા.૩-૩-૦૭, તા.૨૧/૮/૦૮ અને તા.૧/૯/૦૯ ના ઠરાવોથી વર્ગ-૧ ના અધિકારીઓને લગતી સેવા/મહેકમ/શિસ્ત વિષયક બાબતોના કેસોની રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. ઉકત સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ૨૩/૧૨/૦૫ ના ઠરાવ સાથેના પરિશિષ્ટ-૨ ના ક્રમાંકઃ૩ માં અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા અંગેના કેસોનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવેલ છે. તેમાં ફેરફાર કરીને હવે નીચે દર્શાવ્યા મુજબનો રજુઆતનો રાહ નિયત કરવામાં આવે છે.

| ક્રમાંક | વિષય | રૂ.૧૬૦૦૦-૨૦૦૫૦ (રૂ.૩૭૪૦૦-૬૭૦૦૦ નું પગાર ધોરણ + રૂ.૮૯૦૦ નો ગ્રેડ પે) કે તેથી ઉપરનાં પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓને લગતી બાબતો | વર્ગ-૧ ના અન્ય અધિકારીઓને લગતી બાબતો. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. |
| ૩ | (ક) અધિકારીને ફરજમોકુફી ઉપર ઉતારવા અને ફરજમોકુફી પરથી પુનઃ સ્થાપિત કરવા બાબતના કેસો. | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અ.મુ.સ.શ્રી(ક.ગ.) સા.વ.વિભાગ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી,<br>૫. મુખ્યમંત્રીશ્રી. | ૧. વિભાગના સચિવશ્રી,<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સા.વ.વિભાગ,<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી. | વર્ગ-૨ ના અધિકારીના ફરજમોકુફીના કેસ અ.મુ.સ. શ્રી(ક.ગ.), સા.વ.વિ.સુધી રજુ કરવા. |
| | (ખ) ફરજમોકુફીનો સમયગાળો વિનિયમિત કરવા બાબત. | ૧. વિભાગના સચિવશ્રી | ૧. વિભાગના સચિવશ્રી | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- નામ.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો
- સા.વ.વિ.ની તમામ શાખાઓ / અધિકારીઓ,
- સીલેકટ ફાઈલ/ગ.૨ શાખા.

સરકારી કર્મચારી / અધિકારીઓની બદલીઓ અને નિયુક્તિઓના ફેરફાર યુકત માર્ગદર્શક સિધ્ધાંતો.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ટીઆરએફ–૧૦૯૮–૧૪૩૨–ગ.ર
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૨ /૨/૨૦૧૦

વંચાણે લીધો :– સામાન્ય વહીવટ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫–૧૧– ૨૦૦૫નો ઠરાવ.

ઠરાવ :–

સરકારના સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ તા.૨૫–૧૧–૨૦૦૫ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓ / અધિકારીઓની બદલીના માર્ગદર્શક સિધ્ધાંતો નિયત કરવામાં આવેલ છે. ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટ–૧ના ફકરા–૮(૧)માં બદલી અને નિયુક્તિઓમાં વિચારણામાં લેવાના કૌટુંબિક અને તબીબી કારણો અંતર્ગત સરકારી અધિકારી / કર્મચારીના મંદબુધ્ધિના બાળકની સારવાર / સારસંભાળ બાબતે જે જોગવાઈઓ કરવામાં આવેલ છે, તેમાં ફેરફાર કરીને હવે નીચે મુજબ નવી ફકરા–૮(૧) અને ૮(૧–અ)ની જોગવાઈ દાખલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"૮(૧):– જે અધિકારી / કર્મચારીને મંદ બુધ્ધિવાળુ બાળક હોય તેમને તેમના આવા બાળકની સારવાર / સાર સંભાળ માટે મેડીકલ સુવિધા ઉપલબ્ધ હોય તેવા પસંદગીના સ્થળે નિયુક્તિ આપવાની માંગણી દરેક કેસના ગુણદોષ, જાહેર હિત અને વહીવટી જરૂરીયાત તેમજ કામનું હિત વગેરેને વિચારણામાં લઈ, દાકતરી પ્રમાણપત્રોને આધારે સહાનુભૂતિપૂર્વક વિચારણામાં લેવી અને શકય હોય તેટલે અંશે આવી વિનંતીઓ ગ્રાહય રાખવી."

"૮(૧–અ):– સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સીવીલ સર્જનના વિકલાંગતા અંગેના નિયત નમૂનાના પ્રમાણપત્ર મુજબ ૪૦ ટકા કરતા વધુ વિકલાંગતા ધરાવતા વર્ગ–૧, વર્ગ–૨, વર્ગ–૩ અને વર્ગ–૪ના સરકારી અધિકારીઓ /

કર્મચારીઓને વહીવટી જરૂરીયાતોને આધીન, જયાં સુધી શકય હોય ત્યાં સુધી, તેઓના વતનના સ્થળની નજીક તેઓની માંગણીઓ ધ્યાનમાં લઈને નિમણુંક / નિયુક્તિ આપવાની યોગ્ય વિચારણા કરવી."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના તમામ વિભાગો (તેઓના નિયંત્રણ હેઠળના ખાતાના / કચેરીના વડાઓને જાણ કરવાની વિનંતી સહ)
- વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- પસંદગી ફાઈલ ગ.૨-શાખા

---

- પત્ર દ્વારા.

C:\Documents and Settings\Admin\My Documents\THARAV-G 2 BRANCH-22-1-10.doc